## વાત ગાંધીનગરની

સોમવારે ગાંધીનગરમાં ભારે ધમધમાટ હોય છે. દિવસ દરમિયાન રાજકીય, વહીવટી અને સામાજિક ગતિવિધિઓથી ભરપૂર રહી.

**પેટા ચૂંટણીઓના પડઘમ**

રાજયસભાની ચૂંટણી માટે કોંગ્રેસમાંથી અને વિધાનસભામાંથી રાજીનામુ આપનાર આઠ ધારાસભ્યોની તથા અન્ય બે ખાલી પડેલ એમ દસ બેઠકો માટે યોજાનાર પેટા ચૂંટણી માટે રણનીતિ ઘડવા ભાજપની કોર કમિટિની બેઠક યોજાઈ હતી. જેમાં દરેક બેઠક પર એક મંત્રી અને એક પ્રદેશ સંગઠનના હોદ્દેદારને જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત ભાજપમાં નહી જોડાયેલા કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય પ્રવિણભાઈ મારૂ પણ મુખ્યમંત્રીને મળ્યા હતા. પોતાની ટીકીટ માટે રજૂઆત કર્યાની ચર્ચાઓ છે.

**સાધુ-સંતો સચિવાલયમાં**

વિશ્વ પ્રસિદ્ધ કથાકાર મોરારીબાપુ પર હુમલાના પ્રયાસના મામલે સાધુ-સંતોનુ એક પ્રતિનિધિમંડળ બપોરે મુખ્યમંત્રીને મળ્યુ હતુ. પ્રતિનિધિમંડળની માંગણી હતી કે પૂર્વ ધારાસભ્ય પબુભા માણેકે જાહેરમાં મોરારીબાપુની માફી માંગવી જોઈએ અને ભાજપમાં તેમને કોઈ સ્થાન ન આપવુ જોઈએ. મુખ્યમંત્રી પબુભા સાથે વાત કરવાની તત્પરતા દર્શાવી હતી અને માફી માંગવા તેઓ સમજાવશે એમ પણ કહ્યુ હતુ. જો કે પેટાચૂંટણીમાં તેઓને ટીકીટ અપાશે કે નહી તે અંગે કોઈ ફોડ પાડ્યો ન હતો.

**ટીચર્સ યુનિવર્સિટીનો દશાબ્દી મહોત્સવ**

ઉત્તમ પ્રકારના શિક્ષકો તૈયાર કરવાના સંકલ્પ સાથે તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આરંભાયેલ ટીચર્સ યુનિવર્સિટી મંગળવારે દશાબ્દી મહોત્સવ ઉજવશે. વર્તમાન ઉત્સાહી કુલપતિ હર્ષદભાઈ પટેલે નવા નવા અભ્યાસક્રમો શરૂ કર્યા છે એટલુ જ નહી કાર્ય વિસ્તાર પણ વધાર્યો છે. વિદ્યાધામ બનવા જઈ રહેલ ગાંધીનગરમાં ટીચર્સ યુનિવર્સિટી શહેર માટે કલગી બની જશે.

**જિલ્લા કચેરીઓમાં સોશીયલ ડિસ્ટન્સીંગના લીરેલીરા**

સેક્ટર-૧૧ સ્થિત જિલ્લાકક્ષાની કચેરીઓમાં ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા અરજદારો સામાજિક અંતર જાળવતા જ નથી એટલુ જ નહી પણ ટોળામાં ફરતાં હોવાથી કોરોનાનો ભય વધુને વધુ ઘેરો બનતો જાય છે. ખાસ કરીને જિલ્લા સેવા સદનના જનસેવા કેન્દ્ર, કોર્ટના પટાંગણ અને અન્ય જિલ્લાકક્ષાની કચેરીઓમાં સામાજિક અંતરના લીરેલીરા ઉડતા હોય એવા દશ્યો જોવા મળે છે.

**હાશ... ૨૦૨૦નું અડધુ વર્ષ પૂર્ણ**

આજે ૩૦ મી જૂન છે. બરાબર ૨૦૨૦નું વર્ષ અડધુ પુરૂ થાય છે ત્યારે હવે છ મહિનાનો જેવા ગયા તેવા પણ બાકીના છ મહિના સંભાળી લેવા પ્રાર્થનાના સંદેશ સોશીયલ મીડિયામાં ચાલી રહ્યા છે.

**અને છેલ્લે**

મોડીસાંજે ભારત સરકારે ચીનની ૫૯ એપ્લીકેશન પર પ્રતિબંધ મુકવાના સમાચારે શહેરમાં ભારે ખુશીનો માહોલ સર્જાયો હતો... દેશભક્ત યુવાનોએ તરત જ સોશ્યલ મીડીયામાં ચીન સામેના ભારતના પગલાને વધાવ્યું હતું...

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૬ કેસ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૬ કેસ મળી આવ્યા છે. આજે સારવાર દરમિયાન વધુ એક દર્દીનું મોત થતાં ગ્રામ્ય વિસ્તારનો મૃતાંક ૪૦ પર પહોંચ્યો છે.

ગાંધીનગર તાલુકાના જામનગરપુરા ગામના ૫૦ વર્ષીય પુરૂષનું સારવાર દરમિયાન મોડી રાત્રે અવસાન થયુ છે. આ દર્દીને કોરોના ઉપરાંત ફેફસાંની પણ બિમારી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સારવાર દરમિયાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. જો કે જિલ્લામાં કેટલા દર્દીઓ વેન્ટીલેટર પર છે અને ક્રિટીકલ છે તે અંગે તંત્રના સૂત્રો મૌન સેવી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોની સંખ્યાને લઈ પણ તંત્રની ચિંતામાં વધારો થયો છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સોશિયલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્ક માટેનું અમલીકરણ કડક રીતે હાથ ધરવામાં આવે તેવી કડક સૂચનાઓ આજે અધિકારીઓને આપી છે.

આજે જે ૬ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરમાં ૨, કલોલમાં ૨ અને દહેગામમાં ૨ કેસનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે જામનગરપુરામાંથી એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી છેલ્લા થોડાક સમયથી ગંભીર બિમારી પણ ધરાવતો હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

કલોલ અર્બન-૧ અને કલોલ અર્બન-૨ માંથી આજે એક-એક કેસ મળી આવેલ છે. આ બન્ને દર્દીઓને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

દહેગામ તાલુકાના જીંડવા ગામેથી એક ૬૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલાએ ખાનગી દવાખાનાની

● અનુસંધાન પાન-૭ પર

### આજે પણ વધુ એક દર્દીનું સારવાર દરમિયાન મોત : ૧૫,૫૮૯ લોકો જિલ્લામાં ક્વોરોન્ટાઈન હેઠળ

### શહેરમાં આજે કોરોનાનો એક પણ કેસ નહિ

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક પણ કેસ ન નોંધાતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. તંત્રની એક યાદીમાં જણાવ્યા પ્રમાણે શહેરમાં હાલ ૩૨૫ જેટલા લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. તંત્રએ આજે સે. ૩-સી, સે. ૧૪ એચઆઈજી તેમજ ધોળાકુવા ગામનો જે અગાઉ કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કર્યો હતો તેને મુક્ત કરતા જાહેરનામા પણ પ્રસિદ્ધ કર્યા છે.

# અન્ડર પાસના રૂટમાં અપાયેલા ડાયવર્ઝનના વળાંક પર ભયજનક સ્થિતિ

**સે-૧૬ તરફ ટર્નિંગ પોઇન્ટ પર માર્ગ પર મોટામસ ગાબડા : અન્ડરપાસની કામગીરી અન્વયે ડાયવર્ઝન દરમિયાન આમ નાગરિકોની સલામતીનો પણ ખ્યાલ રાખવો જોઇએ : ઉબડ ખાબડ ટર્નિગ પોઇન્ટ પર વારંવાર અકસ્માત**

ગાંધીનગર તા ૨૯

શહેરના મુખ્ય ઘ માર્ગ પર અન્ડરપાસના પ્રોજેકટ અન્વયે ડાયવર્ઝન અપાયુ છે. પરંતુ ડાયવર્ઝન દરમિયાન રોડ સેફટીના પરિબળો પ્રત્યે ધ્યાન ન અપાતા ઘ માર્ગ પરથી સે-૧૬ ના સાંકડા સર્વિસ રોડ તરફ જવાના ટર્નિંગ પર જોખમી સ્થિતિનુ નિર્માણ થયુ છે. ટર્નિંગ પોઈન્ટ પર જ નાના મોટા ગાબડા હોવાથી વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ડાયવર્ઝન આપવાની સાથે વાહનચાલકોની સલામતીને સ્પર્શતા પરિબળો યોગ્ય કરવાનુ કામ પણ કોર્પોરેશન દ્વારા ન થતા નાગરિકો માટે જોખમી સ્થિતિ સર્જાઇ છે.

શહેરના મુખ્ય માર્ગ પર અન્ડર પાસના નિર્માણની કામગીરી ચાલી રહી છે. જેના લીધે છેલ્લા કેટલાક સમયથી નગરના મુખ્ય ઘ માર્ગ પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. ઘ-૪ નુ તોતિંગ સર્કલ દુર કરીને આ વિસ્તારમાં અન્ડરપાસ બનાવવા માટેનુ કામ પ્રગતિ હેઠળ છે. જયારે ઘ-૪ થી ઘ- સાડા ચાર સુધીના વિસ્તારમાં અન્ડર

● અનુસંધાન પાન-૭ પર



કમલમ્ ખાતે કોર કમિટી : ભાજપની કોર કમિટીની બેઠક પેટાચૂંટણીની રણનીતિ ઘડવા કમલમ્ ખાતે યોજાઈ હતી.મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી અને પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠકમાં વિવિધ પાસાઓની ચર્ચા વિચારણા કરાઈ હતી. જેમાં શંકરભાઈ ચૌધરી અને ભાર્ગવ ભટ્ટને સંકલનની જવાબદારી સોંપાઈ હતી...

# તાલુકા પંચાયતના પ્રમુખે ૭મીએ સામાન્ય સભા બોલાવતાં વિવાદ

**કલમ ૧૨૨ હેઠળ મળેલ સત્તાની રૂએ બોલાવેલી સામાન્ય સભાથી વિવાદ : તા.પં.ની નવ બેઠકો મનપાનો વિસ્તાર વધતાં મટી જાય છે અને પ્રમુખની બેઠક તેમાં આવે છે : કોંગ્રેસ**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતિ શોભનાબેન વાઘેલાએ તાલુકા પંચાયતની સામાન્યસભા ૭ મી જુલાઈના રોજ બોલાવતાં જિલ્લાના રાજકીય વાતાવરણમાં ગરમાવો આવ્યો છે.

શ્રીમતિ શોભનાબેને પંચાયતધારાની કલમ-૧૨૨ હેઠળ ખાસ સામાન્ય સભા બોલાવવા તાલુકા વિકાસ અધિકારીને પત્ર લખી જાણ કરી છે.

બીજી તરફ રાજ્ય સરકારે ૧૮ મી તારીખથી ગાંધીનગર તાલુકા પંચાયતના ૧૮ ગામોને ગાંધીનગર મનપાની હદમાં ભેળવી દીધા છે. આ ૧૮ ગામો ભેળવવામાં આવતાં તા.પં.ની નવ બેઠકો મટી જાય તેમાં શોભનાબેનની બેઠકનો સમાવેશ થાય છે. જો કે તાલુકા પંચાયતના સભ્યો દૂર થાય કે નહિ તે અંગે સરકારે સ્પષ્ટ આદેશ કર્યા નથી.

શ્રીમતિ શોભનાબેન વાઘેલા સાથે તાલુકા પંચાયતની નવ બેઠકો હદ વધારાના નિર્ણયને પગલે મટી જાય છે અને પાંચ જેટલી બેઠકોને અંશતઃ અસર થાય છે આથી સરકારે જ સ્પષ્ટ નિર્ણય કરવો જોઈએ તેવી માંગ ઉઠી છે.

તો કોંગ્રેસ દ્વારા ૧૮ મી પછી તા.પં.ના પ્રમુખ હોદ્દા પરથી આપોઆપ મટી જાય છે અને તેમને સામાન્યસભા બોલાવવાનો અધિકાર રહેતો નથી એટલે સામાન્ય સભા બોલાવી શકાય નહિ પહેલાં પ્રમુખની ચૂંટણી કરવી પડે ત્યાં સુધી ઉપપ્રમુખને ચાર્જ સોંપવો પડે.

જે નવ બેઠકોને અસર થાય છે તેમાં ભાજપની છ બેઠકો જાય છે અને કોંગ્રેસની ૩ બેઠક જાય છે. તા.પં. પ્રમુખ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન અને વિપક્ષના નેતાની બેઠકો આ હદ વધારાના નિર્ણયને કારણે મટી જાય છે.

● અનુસંધાન પાન-૭ પર


## ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન

**Indian Institute of Teacher Education**

(State Public University of Government of Gujarat)

Near Mahatma Mandir, Kh - Road, Sector-15, Gandhinagar (Gujarat)– 382016.

INDIAN INSTITUTE OF TEACHER EDUCATION GUJARAT – IITE – ન હિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે

શિક્ષણને સમર્પિત દશક

**૧૦મો સ્થાપના દિવસ**

તા.30-06-2020, મંગળવાર

આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ સવારે 11 : 00 કલાકે આઈઆઈટીઈના ફેસબુક પેજ https://www.facebook.com/iitegandhinagar/ પર થશે


# શહેરમાં ૪૮ ઠેકાણે ગાબડા પુરાશે : માર્ગ મકાન વિભાગે સર્વે કર્યો

**વરસાદી દિવસોમાં આમ નાગરિકાને હાલાકી ન પડે તે માટે સ્ટોર્મ વોટર લાઇનની તુટેલી ચેમ્બરો તેમજ ગટર લાઇનમાં અસ્તિત્વમાં આવેલા ગાબડા દુર કરાશે**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં ઠેર ઠેર મોટા મસ ગાબડાઓ જોવા મળી રહ્યા છે. કોર્પોરેશન દ્વારા શહેરમાં ઠેર ઠેર ખોદકામ કરીને જોખમી સ્થિતિનુ નિર્માણ કરાયુ છે ત્યારે સ્ટોર્મ વોટર લાઈન અને ગટર લાઈનને અનુલક્ષીને પણ હાલ કેટલાક ઠેકાણે ગાબડા જોવા મળી રહ્યા છે. માર્ગ મકાન વિભાગ દ્વારા આ મામલે હાથ ધરાયેલા સર્વે મુજબ હાલ શહેરમાં ૪૮ ઠેકાણે ગાબડા જોવા મળી રહ્યા છે. જયારે વરસાદી દિવસોમાં આમ નાગરિકોની સલામતી ન જોખમાય તે માટે ગાબડા પુરવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરમાં ઠેર ઠેર મોટામસ ખાડાઓ જોવા મળી રહ્યા છે. એકબાજુ કોર્પારેશને સેકટરોમાં ખોદકામ કરી મોટા ગાબડા ઉભા કર્યા છે. સેકટરોમાં વરસાદી પાણીની લાઈન નાંખવા માટે સેકટરોમાં લાઈન ખોદવામાં આવી છે. જયારે લાઈનનુ કામ પુર્ણ થયા બાદ પણ આ ઠેકાણે યોગ્ય માટી પુરાણ કરવામાં આવ્યુ નથી જેના લીધે વરસાદના આગમન સાથે જ માટી પોલાણ થવાની ફરિયાદો પણ વધી છે. સેકટરોમાં કેટલાક ઠેકાણે તો

● અનુસંધાન પાન-૭ પર


## જોઈએ છે

ગુજરાત સરકારશ્રીના જૈવિક વિવિધતા બોર્ડ, અરણ્ય ભવન, ગાંધીનગર ખાતેની કચેરીમાં નીચે મુજબની પોસ્ટ માટે ૧૧ મહિનાના કરાર આધારિત કર્મચારીઓની ભરતી કરવાની છે. જે સંદર્ભે તા. ૧ થી ૧૦ જુલાઈ-૨૦૨૦ સુધીમાં આપના બાયોડેટા નીચેના ઈમેલ આઈડી પર મોકલી આપવા.

Email : bb.chavda@yahoo.com Mo. 97129 75136

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યા | જરૂરી લાયકાત |
|---|---|---|---|
| ૧ | એક્ષ્પર્ટ એગ્રોનોમીસ્ટ | ૧ | ● એમ.એસ.સી./પી.એચ.ડી કૃષિ વિજ્ઞાન વિષય ● કૃષિ વર્ગીકરણના નિષ્ણાંત ● પાંચ વર્ષની કામગીરીનો અનુભવ ● ગુજરાતી/અંગ્રેજી કોમ્પ્યુટર ટાઈપીંગ જાણકાર |
| ૨ | લીગલ આસ્ટીસ્ટન્ટ | ૨ | ● કાયદા શાખાના સ્નાતક/અનુસ્નાતક ● ઓછામાં ઓછા સરકારશ્રીના કાયદાકીય બાબતોના ત્રણ વર્ષના અનુભવી ● જૈવિક વિવિધતા અધિનિયમ અને નિયમો અંગેના કોર્ટ કેસની વિશેષ જાણકારી હોય તેઓને પ્રથમ પસંદગી. ● ગુજરાત/અંગ્રેજી કોમ્પ્યુટર ટાઈપીંગ જાણકાર |
| ૩ | જુનિયર રીસર્ચ ફેલો | ૧ | ● વિજ્ઞાન શાખાના અનુસ્નાતક કે તેથી વધુ ● પ્લાન્ટ્સ, એનીમલ્સ અને એગ્રીકલ્ચર વિષયના જાણકાર ● સરકારશ્રીમાં ફરજ બજાવ્યાનો અનુભવ. ● ગુજરાત/અંગ્રેજી કોમ્પ્યુટર ટાઈપીંગ જાણકાર |
| ૪ | એકાઉન્ટ આસીસ્ટન્ટ | ૧ | ● એકાઉન્ટ વિષયમાં અનુસ્નાતક કે તેથી વધુ ● ડેટા એન્ટ્રી, એકાઉન્ટ તથા ટેલીના જાણકાર ● સરકારશ્રીમાં ફરજ બજાવ્યાનો અનુભવ ● ગુજરાત/અંગ્રેજી કોમ્પ્યુટર ટાઈપીંગ જાણકાર |
| ૫ | કારકુન | ૧ | ● સ્નાતક થયેલ કે તેથી વધુ ● ડેટા એન્ટ્રીના જાણકાર. ● સરકારશ્રીમાં ફરજ બજાવ્યાનો અનુભવ ● ગુજરાત/અંગ્રેજી કોમ્પ્યુટર ટાઈપીંગ જાણકાર |


## ભાજપ પ્રદેશ પ્રમુખની વરણીનો નિર્ણય એક સપ્તાહ સુધી લંબાવાયો

ગાંધીનગર,તા.૨૯

વિધાનસભા પેટાચૂંટણીની તારીખ નક્કી થયા બાદ જાહેરાત થઈ શકે છે. પેટાચૂંટણી સપ્ટેમ્બરમાં યોજાય તો પ્રમુખપદની જાહેરાત થશે નહીં. ચૂંટણી જાન્યુઆરીમાં યોજાશે તો પ્રમુખપદની જાહેરાત કરાઈ શકે છે. ભાજપ પ્રદેશ પ્રમુખની વરણીનો નિર્ણય લંબાવાયો છે. પ્રદેશ પ્રમુખની વરણીનો નિર્ણય એક સપ્તાહ સુધી લંબાવાયો છે. ગઈકાલે યોજાયેલી વર્ચ્યુઅલ બેઠક બાદ નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાતમાં હાલમાં યોજાયેલી રાજયસભાની ચૂંટણી બાદ અટકળો લગાવામાં આવી રહી હતી કે, રાજ્યમાં ભાજપ પ્રદેશ પ્રમુખની વરણી સહિત સંગઠનમાં મોટા પાયે ફેરફાર થાય તેવી શક્યતા છે. જો કે ભાજપ પ્રદેશ પ્રમુખની વરણીનો નિર્ણય એક સપ્તાહ લંબાવી દેવામાં આવ્યો છે.


## J K BUILDCON

T.P.S.NO.02, FP NO.69/1+70 At. Village. Koba, District: Gandhinagar

Notice of Environment clearance by state Level environment impact assessment authority (SEIAA) Gujarat for development of Saamarth Heaven 6 Village : Koba, District : Gandhinagar

Notice is hereby given, to all Concerned public at large, that the Development of Saamarth Heaven 6 at Village : Koba District :Gandhinagar has been accorded Environmental; Clearance.

From SEIAA Vide ; its letter (No.SEIAA/GUJ/EC/8(a)/1828/2019) of clearance dated 20th December 2019.

The Copy of the saiol clearance letter is available at the GPCB and may also be seen at website of SEIAA/SEACGPCB

## જે કે બિલ્ડકોન

ટી.પી.એસ.નં.૦૨ (કોબા) એફ.પી.નં. ૬૯/૧+૭૦, ગામ: કોબા,જી.ગાંધીનગર

ભારત સરકારના સ્ટેટ લેવલ એન્વાયરમેન્ટ ઈમ્પ્કેટ એસેસમેન્ટ ઓથોરીટી (SEIAA) તરફથી ગામ: કોબા, જી.ગાંધીનગર ખાતે ગાંધીનગરના વિકાસ માટે પર્યાવરણ પરવાનગી આપતી નોટિસ.

લાગતાં વળગતા સર્વે અને તમામ જનતાને આ નોટિસથી જણાવવામાં આવે છે કે. ગામ: કોબા, જી: ગાંધીનગર ખાતે સામર્થ હેવન ૬ વિકાસ માટે પર્યાવરણીય પરવાનગી SEIAA તરફથી એમના ૨૦મી ડિસેમ્બર ૨૦૧૯ ના પરવાનગી પત્ર (No.SEIAA/GUJ/EC/8(a)/1828/2019) દ્વારા આપવામાં આવી છે. આ પરવાનગી પત્ર ની નકલ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ( GPCB) ની કચેરીમાં ઉપલબ્ધ છે તેમજ SEIAA/SEAC/GPCB ની વેબસાઇટ પર જોઈ શકાય છે.


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com